02672 241481
Email –dsopanchmahal29@gmail.com

જા.નં.જી.ર.ગ.અ./૩૨૩૦થી ૩૨૮૦/૨૦૧૮
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી
બહુમાળી ભવન,જિલ્લા સેવા સદન
ભાગ–૨,પ્રથમ માળે,રૂમ નં–૩૫ ગોધરા
જિ.પંચમહાલ
તા.૧૭/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી તમામ,
ગુજરાત રાજય.

**વિષયઃ–** ખેલ મહાકુંભ–૨૦૧૮ અંતર્ગત રાજયકક્ષા **ફુટબોલ ઓપન વિભાગ ભાઈઓ** સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલી આપવા બાબત..

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે ખેલમહાકુંભ–૨૦૧૮ અંતર્ગત **રાજયકક્ષા ઓપન વિભાગ ભાઈઓ** સ્પર્ધાનુ આયોજન તા.૨૬/૧૨/૨૦૧૮ થી ૦૩/૦૧/૨૦૧૯ દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબ યોજાનાર છે. ખેલાડીઓની વિગત KMK ID સાથેની એન્ટ્રી dsopanchmahal29@gmail.com પર તા.૨૧/૧૨/૨૦૧૮ સુધી મોકલી આપી ટીમોને કાર્યક્રમની જાણ કરવા વિનંતી.

**–: સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ :–**

| ક્રમ | રીપોટીંગ તારીખ અને સમય | ઓપન વિભાગ ભાઈઓ વિગત | રીપોટીંગ સ્થળ | સ્પર્ધા સમય | સ્પર્ધા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | તા.૨૬/૧૨/૨૦૧૮ સાંજના ૪ થી ૧૦ કલાક સુધી | (ગૃપ A ) | રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કનેલાવ,ગોધરા જિ.પંચમહાલ | તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ સવારના ૭:૩૦ કલાકે શરૂ થશે. | તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૦૩/૦૧/૨૦૧૯ |
| ૨ | તા.૨૯/૧૨/૨૦૧૮ સાંજના ૪ થી ૧૦ કલાક સુધી | (ગૃપ B ) | | તા.૩૦/૧૨/૨૦૧૮ ના રોજ સવારના ૭:૩૦ કલાકે શરૂ થશે. | |

**સંપર્ક નંબર :–**

**રીર્પોટીંગ સંપર્ક :** ૧. શ્રી અર્જુનસિંહ બારીઆ – ૯૯૨૪૮૫૨૪૮૫
૨. શ્રી જયદિપ રાઠવા – ૯૪૨૬૨૨૫૦૮૩
૩. શ્રી રાજેન્દ્ર આર.પટેલ – ૭૦૧૬૯૧૭૪૦૨

**કાર્યાલય સંપર્ક :** ૧. શ્રી રાજેશ એલ. પારગી(પ્રા.યુ.વી.અધિ.) ૯૯૦૯૫૨૦૦૧૮,
૨. શ્રી ઘનશ્યામ દેસાઈ (પ્રા.યુ.વિ.અધિ.) ૯૯૦૯૪૩૧૯૮૫
૩. શ્રી ગોપાલ વરીઆ – ૯૮૯૮૩૪૪૫૮૩,

**ટેકનીકલ ઓફિસર :** શ્રી સત્યનારાયણ (ફુટબોલ કોચ) – ૯૭૧૪૭૫૫૫૩૯

**ટેકનીકલસંપર્ક** : શ્રી સુનીત આઝાદ (SAG હેડ કોચ) – ૯૭૧૪૭૬૬૬૨૮

**અગત્યની સુચનાઓઃ–**

- ખેલાડીઓનું ખેલમહાકુંભ એલીજીબીલીટી સર્ટી ફોટો સાથે જે તે જિલ્લાના જિલ્લા રમતગમત અધિકારીની કાઉન્ટર સહી સાથેનું એલીજીબીલીટી સર્ટી રજુ કરવાનું રહેશે.
- પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લઈને આવવાનુ રેહેશે.
- મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનુ રહેશે.
- ઓનલાઈન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોંચ ઉપર ફોટા ચોટાડી ફરજીયાત સાથે લાવવાની રહેશે. અથવા એલીજીબીલીટી ફોર્મમાં ફોટા સાથે સહી સિકકા કરાવી લાવવાના રહેશે.
- સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યકિત ને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
- સરકારશ્રીના નિયમ મુજબ ટુંકામાં ટુંકા અંતરની મુસાફરી કરવાની રહેશે.મુસાફરીની ટીકીટ ટીમ મેનેજરે અવશ્ય રજુ કરવાની રહેશે.(ખાનગી/લકઝરી બસનું પ્રવાસ ભાડું ચુકવવામાં આવશે નહિ.)
- નિવાસ સ્થળે નિયત ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજવસ્તુ જમા કરાવ્યા બાદ ડિપોઝીટ પરત કરવામાં આવશે.
- ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકેનો એક જ વ્યકિતએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહીવાળો ઓર્ડર લઈને આવવાનું રહેશે.
- ઋતુ અનુસાર ઓઢવા–પાથરવાનું તેમજ રૂમને લગાવવાનું તાળુ પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિમતી સામાન સાથે લાવવો નહી અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે.
- સ્પર્ધામાં હારેલી ટીમે ૧ કલાકમાં નિવાસ સ્થળ ખાલી કરી પરત જવાનું રહેશે.
- ખેલાડીએ પોતાનુ ફોટો આઈ.ડી. પ્રુફ ફરજીયાત સાથે લાવવાનુ રહેશે.
- **રીપોર્ટીંગ સમય પહેલા (ગૃપ A અને B ) મુજબ હાજર રહેવાનુ રહેશે. ત્યારબાદ આવનાર ટીમની કોઈ પણ ફરીયાદ ધ્યાને લેવામાં આવશે નહી.**
- **દરેક ખેલાડીએ ફુટબોલની કીટમાં ફરજીયાત આવવાનુ રહેશે.**

**નોંધ :– આ પરીપત્રની નકલ ટીમ મેનેજરને અવશ્ય આપવી.**

આપનો વિશ્વાસું

(પ્રકાશ કલાસવા)
જિલ્લા રમત ગમત અધિકારી
પંચમહાલ–ગોધરા

**નકલ રવાના જાણ સારૂ.:–**

૧. માન.અંગત સચિવશ્રી માન.મંત્રીશ્રી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતીઓ વિભાગ, ગાંધીનગર.
૨. માન.ડાયરેકટરશ્રી સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૩. માન.સચિવશ્રી સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૪. માન.જિલ્લા કલેકટરશ્રી, પંચમહાલ–ગોધરા.
૫. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,પંચમહાલ–ગોધરા.
૬. માન.જિલ્લા પોલીસ વડાશ્રી, પંચમહાલ–ગોધરા.
૭. માન.નિવાસી અધિક કલેકટરશ્રી,પંચમહાલ–ગોધરા.
૮. માન.પ્રાંત અધિકારીશ્રી, ગોધરા.
૯. માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ–ગોધરા.
૧૦.માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ–ગોધરા.
૧૧.માન.નાયબ માહિતીનિયામકશ્રી ગોધરા, વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી અર્થે.
૧૨.સિનિયર કોચશ્રી, જિલ્લા રમતપ્રશિક્ષણ કેન્દ્ર,ગોધરા. જરૂરી મેદાન તથાપંચો માટે નિવાસ વ્યવસ્થા પુરી પાડવા બાબત

# STATE TURNAMENT OPEN BOYS FOOTBALL

**KHELMAHAKUMBH 2018**

OPEN BOYS TURNAMENT

| GROUP "A" | | | | GROUP "B" | | |
|---|---|---|---|---|---|---|
| NO. | DISTRICT NAME | | | NO. | DISTRICT NAME | |
| 1 | AHMEDABAD CITY | | | 1 | PATAN | |
| 2 | AMRELI | | | 2 | ANAND | |
| 3 | BHARUCH | | | 3 | BOTAD | |
| 4 | DAHOD | | | 4 | BHAVNAGAR CITY | |
| 5 | JAMNAGAR RURAL | | | 5 | DWARKA | |
| 6 | KATCH | | | 6 | JUNAGHADH CITY | |
| 7 | NARMADA | | | 7 | MAHISAGAR | |
| 8 | SABARKANTHA | | | 8 | NAVSARI | |
| 9 | TAPI | | | 9 | PORBANDAR | |
| 10 | VALSAD | | | 10 | RAJKOT CITY | |
| 11 | KHEDA | | | 11 | BARODA RURAL | |
| 12 | BARODA CITY | | | 12 | AHEMDABAD RURAL | |
| 13 | ARVALLI | | | 13 | BANASKANTHA | |
| 14 | BHAVNAGAR RURAL | | | 14 | PANCHMAHAL | |
| 15 | CHHOTAUDEPUR | | | 15 | GANDHINAGAR RURAL | |
| 16 | JUNAGADH RURAL | | | 16 | JAMNAGAR CITY | |
| 17 | GANDHINAGAR CITY | | | 17 | DANG | |
| 18 | MORABI | | | 18 | SAG ACADMY | |
| 19 | SURAT RURAL | | | 19 | MAHESANA | |
| 20 | RAJKOT RURAL | | | 20 | SURAT CITY | |
| 21 | GIR SOMNATH | | | 21 | SURENDRANAGAR | |
| 22 | | | | 22 | | |
| 23 | | | | 23 | | |
| 24 | | | | 24 | | |